RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 46 * Date: 05.12.2024,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# મારા શપથ પહેલાં યહુદી બંધકોને છોડી દો : ટ્રમ્પ



ન્યૂયોર્ક : બ્રિક્સ દેશોને ધમકાવ્યા પછી હવે ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય-પૂર્વમાં આતંકી સંગઠન હમાસને ગયા વર્ષે ૭ ઑક્ટોબરે પકડીને બંધક બનાવેલા યહુદીઓને છોડી મુકવા ચેતવણી આપી છે. ટ્રમ્પે કહ્યું કે મારા શપથ પહેલાં બંધકોને છોડવામાં નહીં આવે તો મધ્ય-પૂર્વને નરક બનાવી દઈશ. બીજીબાજુ ઈઝરાયેલ અને હિઝબુલ્લા વચ્ચે ૬૦ દિવસ સુધી સંઘર્ષ વિરામની સંધી પડી ભાંગી છે. બંને દેશોએ એકબીજા પર સંઘર્ષ વિરામના ભંગનો આક્ષેપ કરતાં પરસ્પર હુમલા કર્યા છે. ઈઝરાયેલના હુમલામાં ૧૧ લોકોનાં મોત થયા છે.

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ પ્રમુખપદના શપથ લઈને સત્તાવાર હોદ્દો ગ્રહણ કરવાના છે. જોકે, આ પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાને તેમની દાદાગીરીનો પરચો બતાવવાનું શરૂ કરી દીધું છે. ભારત સહિત બ્રિક્સ દેશોને ૧૦૦ ટકા ટેરિફ લાદવા અને અમેરિકામાં ધંધો બંધ કરાવી દેવાની ધમકી આપ્યા પછી હવે ટ્રમ્પે આતંકી સંગઠન હમાસને ધમકી આપી છે.

ઈઝરાયેલના ગાઢ સાથી મનાતા ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને નિશ્ચિત સમય મર્યાદા આપતા કહ્યું કે, ઈઝરાયેલમાંથી ગયા વર્ષે ૭ ઑક્ટોબરે બંધક બનાવાયેલાઓને ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં એટલે કે વ્હાઈટ હાઉસમાં તેમના શપથ ગ્રહણ કરતા પહેલા છોડી મૂકવામાં નહીં આવે તો તેણે ભારે કિંમત ચૂકવવી પડશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર ટ્રમ્પે હમાસને ચેતવણી આપતા લખ્યું છે કે, સંયુક્ત રાજ્ય અમેરિકાના પ્રમુખ તરીકે પદભાર ગ્રહણ કરવા સુધીમાં બંધકોને છોડી મૂકવામાં નહીં આવે તો એ નિશ્ચિત છે કે મધ્ય-પૂર્વમાં હમાસે મોટી કિંમત ચૂકવવી પડશે. એટલું જ નહીં માનવતા વિરુદ્ધ આ અત્યાચાર કરનારા લોકોએ પણ પરિણામ ભોગવવા પડશે.

ડોનાલ્ડ ટ્રમ્પે આ પોસ્ટમાં બંધકોને છોડાવવા મુદ્દે અત્યાર સુધીમાં થયેલી વાટાઘાટો પર કટાક્ષ પણ કર્યો હતો. તેમણે લખ્યું કે, બંધકોને જે સ્થળ પર રાખવામાં આવ્યા હતા, તે અંગે ચર્ચાઓ થઈ હતી, પરંતુ તેમને છોડાવવા માટે કોઈ કાર્યવાહી કરાઈ નથી. તેમણે આ સ્થિતિને હિંસક અને અમાનવીય ગણાવી. ટ્રમ્પે કહ્યું કે, દરેક લોકો બંધકો અંગે વાત કરે છે, જેમને મધ્ય-પૂર્વમાં આટલી હિંસક, અમાનવીય અને સમગ્ર દુનિયાની ઈચ્છા વિરુદ્ધ રખાયા છે, પરંતુ તે માત્ર વાતો જ હતી, કોઈ કાર્યવાહી કરાઈ નહોતી.આ સમયે ટ્રમ્પે કહ્યું કે, હવે હું સત્તા પર આવી રહ્યો છું. બંધક બનાવવા માટે જવાબદાર લોકો વિરુદ્ધ અમેરિકા એવી કાર્યવાહી કરશે જેવી અત્યાર સુધીમાં કોઈપણ વિદેશી સંસ્થાઓ વિરુદ્ધ કરાઈ નથી. જવાબદાર લોકો પર સંયુક્ત રાજ્ય અમેરિકાના લાંબા અને ઈતિહાસમાં કોઈપર પણ જેટલો પ્રહાર કરાયો ના હોય તેનાથી વધુ ઘાતક પ્રહાર કરાશે. બંધકોને તાત્કાલિક છોડી મૂકો. હમાસના આતંકીઓએ ગયા વર્ષે ૭ ઑક્ટોબરે ઈઝરાયેલ પર કરેલા હુમલામાં ૧૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને તેમણે ૨૫૦થી વધુને બંધક બનાવ્યા હતા, જેમાંથી લગભગ ૧૦૦ લોકો હજુ પણ હમાસની કેદમાં છે.દરમિયાન ઈઝરાયેલ અને લેબનોનમાં હિઝબુલ્લાહ વચ્ચે થયેલો ૬૦ દિવસનો સંઘર્ષ વિરામ ગણતરીના દિવસોમાં જ તૂટી ગયો છે. ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ બંનેએ એકબીજા પર યુદ્ધ વિરામના કરારોનો ભંગ કરવાનો આરોપ મૂક્યો છે. ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે શાંતિ કરાર થયા પછી પહેલી વખત આતંકી જૂથે ઈઝરાયેલ પર વારંવાર કરારનો ભંગ કરી હુમલા કરવાનો આક્ષેપ કરતાં ઈઝરાયેલ તરફ બે મિસાઈલ છોડયા હતા. બીજીબાજુ ઈઝરાયેલે પણ યુદ્ધ વિરામ પછી લેબનોનમાં તેનો સૌથી મોટો હવાઈ હુમલો કરતા ૧૧ લોકો માર્યા ગયા હતા. ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ દ્વારા સામ-સામા હુમલા થતા યુદ્ધ વિરામ જોખમમાં મુકાઈ ગયું છે. હિઝબુલ્લાહે કહ્યું કે ઈઝરાયેલ દ્વારા વારંવાર સંઘર્ષ વિરામના ભંગ કરતા અમે બે મિસાઈલ છોડી રક્ષણાત્મક ચેતવણી આપી છે. બીજીબાજુ ઈઝરાયેલે કહ્યું કે તેના ફાઈટર વિમાનોએ લેબનોનમાં હિઝબુલ્લાહના ઓપરેટીવ્સ અને ડઝનબંધ રોકેટ લોન્ચરો તથા આતંકી જૂથની સુવિધાઓ પર હુમલો કર્યો હતો, જેમાં ૧૧ લોકોનાં મોત નીપજ્યાં હતા.

## પાર્ટીમાં બળવાના ડરથી શિંદે ભાજપ સામે ઝૂક્યા! કેમ ઝસ અને ગૃહમંત્રી પદનો પણ મોહ છોડ્યો?




લગભગ ૨૯ મહિના બાદ મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રીની ખુરશી શિવસેનાના એકનાથ શિંદે પાસેથી હવે ભાજપ પાસે આવી ગઈ છે. દેવેન્દ્ર ફડણવીસ મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. એકનાથ શિંદે હવે સરકારમાં નંબર-૨ની ભૂમિકા ભજવશે. તેનું કારણ શિંદે પાસે ઓછી બેઠકોની સંખ્યા જણાવવામાં આવી રહી છે. પરંતુ જ્યારે વર્ષ ૨૦૨૨માં એકનાથ શિંદેએ શિવસેના સામે બળવો કર્યો હતો ત્યારે પણ તેમના ધારાસભ્યોની સંખ્યા ભાજપના ધારાસભ્યો કરતા ઓછી જ હતી. પરંતુ તેમ છતાં એ સમયે તેમને સીએમની ખુરશી મળી હતી.એટલું જ નહીં બિહારમાં જનતા દળ યુનાઈટેડ(ત્નઙ્ઘેં) પાસે ભાજપ કરતા ઓછી બેઠકો છે. આમ છતાં નીતિશ કુમાર મુખ્યમંત્રીની કમાન સંભાળી રહ્યા છે. આ સ્થિતિમાં જે પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે તે એ છે કે એકનાથ શિંદેએ કઈ ભૂલ કરી જેના કારણે તેમને મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું?તાજેતરમાં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં શિંદેની સેનાએ ૫૭ બેઠકો જીતી હતી. જેમાંથી ૧૪ ધારાસભ્યોને ભારતીય જનતા પક્ષને સમર્પિત હતા. જીતેલા ૬ ધારાસભ્યો ઘોષિત રીતે ભાજપના ધારાસભ્ય છે. તેમાં પાલઘરના રાજેન્દ્ર ગાવિત, કુડલના નિલેશ રાણે, અંધેરી(પૂર્વ)ના મુરજી પટેલ, સાંગનમેરના અનમોલ ખતાલ, નેવાસાના વિઠ્ઠલ લાંગે અને બોઈસરના વિલાસ તારેના નામો મુખ્ય છે. ચૂંટણી પહેલા શિંદેએ ૪ અપક્ષોને પણ ટિકિટ આપી હતી. જેઓ ચૂંટણી જીતીને ધારાસભ્ય બન્યા હતા. આ અપક્ષોને પણ ટિકિટ અપાવવામાં ભાજપની ભૂમિકા હોવાનું કહેવાય છે. આ સ્થિતિમાં જો શિંદે ભાજપ સામે બળવો કરે છે તો આ ધારાસભ્યોનું સમર્થન ગુમાવી શકે છે. વર્ષ ૨૦૨૨માં બિહારમાં મુકેશ સહની સાથે આવું જ બન્યું છે. સહનીના તમામ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ગયા હતા. જેના પછી સાહની ઘણી મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.વર્ષ ૨૦૨૨માં તત્કાલીન શિવસેના(શિંદે) અને ભાજપે સાથે મળીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવી હતી. ત્યારબાદ બરાબર એક વર્ષ પછી દેવેન્દ્ર ફડણવીસે અજિત પવારને પણ પોતાની સાથે જોડી લીધા હતા. અજિતનું સાથે આવવું શિંદે માટે નુકસાનકારક સાબિત થયું હતું. અજીતના કારણે શિંદે ભાજપ પર રાજકીય દબાણ ઉભું કરી શકતા નથી.મહારાષ્ટ્રમાં સરકાર બનાવવા માટે ૧૪૫ ધારાસભ્યોની જરૂર છે. હાલમાં ભાજપ પાસે ૧૩૨ ધારાસભ્યો છે. અજીત પવારે ૪૧ બેઠકો જીતી છે. અને શિંદે પાસે હાલમાં ૫૭ ધારાસભ્યો છે. પરંતુ જો તેઓ સમર્થન પાછું ખેંચી લેશે તો પણ સરકાર પર કોઈ આંચ આવશે નહી. જ્યારે અજિત એનડીએમાં જોડાયા ત્યારે તેમની સામે મૌન વિરોધ થયો હતો. પરંતુ ફડણવીસે તેની મજબૂત હિમાયત કરવાનું ચાલુ રાખ્યું હતું. વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મેગેઝિન ઓર્ગેનાઈઝરે પણ અજીતનો વિરોધ કર્યો હતો. ત્યારે પણ શિંદે તેને ગઠબંધનમાં મુદ્દો બનાવી શક્યા ન હતા. ચૂંટણી પછી જ્યારે શિંદે તેમના ગામ ગયા અને તેમની નારાજગીના સમાચાર સામે આવ્યા ત્યારે અજીત સક્રિય થઈ ગયા હતા.બિહારમાં નીતિશ કુમાર દરેક ચૂંટણી પહેલા મુખ્યમંત્રી તરીકે પોતાના નામની જાહેરાત કરાવી દે છે.

## 'મહિલાઓ નર્સિંગનો અભ્યાસ નહીં કરી શકે...', અફઘાનમાં તાલિબાનીઓનું વધુ એક વિવાદિત ફરમાન

અફઘાનિસ્તાનમાં જ્યારથી તાલિબાનની એન્ટ્રી થઈ છે, ત્યારથી મહિલાઓની વિરૂદ્ધમાં સતત ફરમાનો બહાર પાડવામાં આવે છે. આ કડીમાં મહિલાઓ વિરૂદ્ધ વધુ એક નિયમ અફઘાનિસ્તાનનામાં લાવવામાં આવ્યો છે. જે મુજબ હવે અફઘાનિસ્તાનની મહિલાઓ આયાનું કામ અને નર્સિંગનો અભ્યાસ નહીં કરી શકે. અફઘાનિસ્તાનમાં મહિલાઓ માટે શિક્ષાના છેલ્લાં બે રસ્તા હતાં. પરંતુ, તાલિબાન સરકારે હવે આ રસ્તા પણ બંધ કરી દીધા છે.

વળી, અફઘાનિસ્તાનનું સ્વાસ્થ્ય સંકટ પણ ખૂબ જ વધી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્રએ ૨૦૨૩માં કહ્યું હતું કે, અફઘાનિસ્તાનને દેશની જરૂરિયાતોને પૂરી કરવા માટે હજુ ૧૮ હજાર દવાઓની જરૂર છે. આ બધાની વચ્ચે, આયાનું કામ અને નર્સિંગની તાલિમ લઈ રહેલી મહિલાઓનું કહેવું છે કે, તેમને સવારે ફરી ક્લાસમાં પરત ન ફરવાનો આદેશ આપવામાં આવ્યો હતો અને તેમના નિવેદનોની પુષ્ટિ અફઘાનિસ્તાનની નર્સિંગ સંસ્થાઓએ કર્યું છે. જોકે, હજુ સુધી તાલિબાન સરકારના સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં નથી આવી.

અફઘાનિસ્તાનની સંસ્થાઓનું કહેવું છે કે, તાલિબાને તેમને આવનારી સૂચના સુધી સંસ્થાઓને બંધ રાખવાનો નિર્દેશ કર્યો છે. તાલિબાને વચન આપ્યું હતું કે, અભ્યાસક્રમ ઇસ્લામિક છે તેની ખાતરી કર્યા બાદ છોકરીઓ ફરી અભ્યાસ શરૂ કરી શકશે. જોકે, પોતાના વચન આપ્યા બાદ પણ કિશોરીઓ ૨૦૨૧થી શિક્ષણ મેળવવામાં અસમર્થ છે. થોડી ઘણી પણ શિક્ષા મેળવવાનો એકમાત્ર રસ્તો આયા અને નર્સિંગના માધ્યમથી હતો, જેને હવે બંધ કરી દેવાયો છે. વળી, પુરૂષ ડૉક્ટરોને જ્યાં સુધી મહિલા સાથે કોઈ પુરૂષ વાલી કે પતિ હાજર ન હોય ત્યાં સુધી મહિલાની સારવાર કરવાનો અધિકાર નથી.



## તંત્રી સ્થાનેથી..

# કંપનીઓ દ્વારા કર ચૂકવણીમાં સાત ત્રિમાસિક ગાળામાં પ્રથમ વખત ઘટાડા

ચાલુ નાણાં વર્ષના જુલાઈ-સપ્ટેમ્બરના બીજા ત્રિમાસિક ગાળામાં લિસ્ટેડ કંપનીઓ દ્વારા કર ચૂકવણી વાર્ષિક ધોરણે ૭% ઘટી છે. છેલ્લા ચાર વર્ષમાં આ સૌથી ખરાબ પ્રદર્શન છે અને સાત ત્રિમાસિક ગાળામાં પ્રથમ વખત કર ચૂકવણીમાં ઘટાડો થયો છે. કોર્પોરેટ ટેક્સમાં અગાઉનો ઘટાડો ૨૦૨૩ના નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં નોંધાયો હતો, ત્યારે કર ચૂકવણીમાં ૦.૭%નો ઘટાડો થયો હતો.

૩,૫૧૫ કંપનીઓની કુલ કોર્પોરેટ ટેક્સ ચુકવણી જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૪માં ઘટીને રૂ.૧.૦૯ લાખ કરોડ થઈ હતી, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં લગભગ રૂ.૧.૧૮ લાખ કરોડ હતી. તેમાં પણ જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૫માં ૩% ત્રિમાસિક ઘટાડો થયો હતો. કર ચૂકવણીમાં ઘટાડો મુખ્યત્વે અસરકારક કર દરમાં ઘટાડો થવાને કારણે છે.

કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સના ડેટા અનુસાર, સરકારનું ચોખ્ખું કોર્પોરેટ ટેક્સ કલેક્શન ચાલુ નાણાં વર્ષના જુલાઈ-સપ્ટેમ્બરના બીજા ત્રિમાસિક ગાળામાં ૮.૩% ઘટીને રૂ.૨.૮૭ લાખ કરોડ થયું હતું, જે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં રૂ.૩.૧૩ લાખ કરોડ હતું. લિસ્ટેડ કંપનીઓએ ચાલુ નાણાં વર્ષના જુલાઈ-સપ્ટેમ્બરના બીજા ત્રિમાસિક ગાળામાં કુલ કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં ૩૮.૩% ફાળો આપ્યો હતો, જે ગત નાણાં વર્ષના જુલાઈ-સપ્ટેમ્બરના બીજા ત્રિમાસિક ગાળામાં ૩૭.૭% હતો. નાણાં વર્ષ ૨૦૨૪માં, આ કંપનીઓએ રૂ.૯.૧૧ લાખ કરોડના કુલ કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં ૪૭.૪% ફાળો આપ્યો હતો.આ વર્ષે જુલાઈમાં રજૂ કરાયેલા નાણાં વર્ષ ૨૦૨૫ માટેના કેન્દ્રીય બજેટમાં, સરકારે નાણાં વર્ષ ૨૦૨૪માં રૂ.૯.૧૧ લાખ કરોડના સુધારેલા અંદાજ કરતાં ૧૨% વધુ લક્ષ્યાંક રાખ્યો છે. સરકારનું લક્ષ્ય નાણાં વર્ષ ૨૦૨૫માં રૂ.૧૦.૨ લાખ કરોડ કોર્પોરેટ ટેક્સ કલેક્શનનું છે.લિસ્ટેડ કંપનીઓ દ્વારા કર ચૂકવણીમાં ઘટાડો થવાથી સમગ્ર કરની આવક પર દબાણ આવશે.

# બેન્ક ખાતામાં હવે ૪ નોમિની રાખી શકાશે, ૫ બેન્કિંગ કાયદામાં કુલ ૧૯ સુધારા, લોકસભામાં બિલ પાસ

લોકસભામાં મંગળવારે બૅન્કિંગ કાયદો (સુધારા) બિલ, ૨૦૨૪ને મંજૂરી આપવામાં આવી હતી. આ સુધારા સાથે હવે બૅન્ક ખાતાધારકો તેમના ખાતામાં ચાર નોમિની રાખી શકશે. આ બિલ મારફત પાંચ બૅન્કિંગ કાયદાઓમાં કુલ ૧૯ સુધારાઓ કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. જેના મારફત બૅન્કિંગ સિસ્ટમમાં સંચાલન વ્યવસ્થા મજબૂત બનાવવાની સાથે ગ્રાહકો અને રોકાણકારોના હિતોને સુરક્ષિત રાખશે.કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, નોમિનીની સંખ્યામાં વધારો કરતાં બૅન્કોએ અનક્લેમ્ડ કેટેગરીમાં સામેલ ડિપોઝિટ ઘટાડવાની ખાતરી કરવી પડશે. આ સુધારા હેઠળ આરબીઆઈને સ્ટેટ્યુટરી રિપોર્ટ સોંપવાની ડેડલાઈન પણ આપવામાં આવી છે. જેનાથી બૅન્કિંગ સિસ્ટમ સરળ,પારદર્શી અને વેગવાન બનશે. વર્તમાન નિયમો અંતર્ગત એક જ નોમિની ડિપોઝિટરના જમા નાણાંની ચૂકવણી કરી શકે છે. જેમાં કસ્ટડી કે લોકર્સમાં નાણાં સુરક્ષિત રાખવામાં આવે છે. હવે આ સુધારાથી ચાર નોમિનીને આ



સુવિધાનો લાભ મળશે.આ બિલ મારફત રિઝર્વ બૅન્કે ઑફ ઈન્ડિયા ઍક્ટ ૧૯૩૪, બૅન્કિંગ રેગ્યુલેશન ઍક્ટ ૧૯૪૯, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા ઍક્ટ ૧૯૫૫, બૅન્કિંગ કંપનીસ (એક્વિઝિશન ઍન્ડ ટ્રાન્સફર ઑફ અન્ડરટેકિંગ્સ) ઍક્ટ ૧૯૭૦ અને બૅન્કિંગ કંપની (એક્વિઝિશન ઍન્ડ ટ્રાન્સફર ઑફ અન્ડરટેકિંગ્સ) એક્ટ ૧૯૮૦માં કુલ ૧૯ સુધારા કરાયા છે.બૅન્કિંગ કાયદા (સુધારા) બિલમાં અન્ય એક સુધારો ડિરેક્ટરશિપ્સ માટે ‘સબસ્ટેન્શિયલ ઈન્ટરેસ્ટને નવેસરથી વ્યાખ્યાયિત કરવા સંબંધિત છે. જેમાં લગભગ ૬ દાયકા અગાઉ નિશ્ચિત કરાયેલી રૂ. ૫ લાખની વર્તમાન મર્યાદા વધારી રૂ. ૨ કરોડ કરવાની ભલામણ છે. બૅન્કિંગ કાયદા (સુધારા) બિલમાં રોકડ અનામત (કેશ રિઝર્વ) માટે ફોર્ટનાઈટની પરિભાષા બદલવામાં આવી છે. આ સિવાય ઓડિટર્સને ચૂકવણી માટે મહેનતાણું નક્કી કરવામાં બૅન્કોને વધુ સ્વતંત્રતા આપવાની જોગવાઈ કરાઈ છે.નાણામંત્રીએ ૨૦૨૩-૨૪ના બજેટ ભાષણમાં આ બિલની જાહેરાત કરી હતી. આ બિલમાં સહકારી બૅન્કોમાં ચેરમેન અને પૂર્ણકાલિન ડિરેક્ટર સિવાયના ડિરેક્ટર્સનો કાર્યકાળ ૮ વર્ષથી વધારી ૧૦ વર્ષનો કરવાની જોગવાઈ છે. સીતારમણે કહ્યું કે, આ સુધારા મારફત થાપણદારોને ક્રમિક અથવા એક સાથે નોમિનેશનની સુવિધા જ્યારે લોકર ધારકોને માત્ર ક્રમિક નોમિનેશનનો વિકલ્પ અપાશે. ૨૦૧૪થી એનડીએ સરકાર અને આરબીઆઈ બૅન્કોને સ્થિર જાળવી રાખવા સાવચેત બની છે. અમારો ઉદ્દેશ આપણી બૅન્કોને સુરક્ષિત, સ્થિર અને સ્વસ્થ રાખવાનો છે. ૧૦ વર્ષ બાદ તમે તેના પરિણામ જોઈ રહ્યા છો.આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, તાજેતરના વર્ષોમાં ભારતીય બૅન્કોએ ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. ૨૦૨૩-૨૪માં બૅન્કોનો ચોખ્ખો નફો વધી રૂ. ૧.૪૧ લાખ કરોડ અને ૨૦૨૪-૨૫ના પ્રથમ છ માસમાં રૂ. ૮૫૫૨૦ કરોડ નોંધાયો છે. જે અત્યારસુધીમાં સૌથી વધુ છે. ટૂંકમાં સરકારી બૅન્કો નફાકારક બની છે. રાજયકક્ષાના નાણામંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર સરકારી બૅન્કોના ડિસઈન્વેસ્ટમેન્ટ પર કોઈ વિચાર કરી રહી નથી. જો કે, ૨૦૧૯માં ૧૦ બૅન્કોના ડિસઈન્વેસ્ટમેન્ટ થયા હતા.

# ગુજરાતમાં ૪ વર્ષમાં GST ચોરીના ૧૨૮૦૩ કેસ નોંધાયા, ૧૦૧ની ધરપકડ, સરકારનો સંસદમાં ખુલાસો

. ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં જીએસટી-ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની ચોરી કરવાના ૧૨૮૦૩ કેસ કરીને ૧૦૧થી વધી વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે, એમ નાણાં મંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે સંસદમાં માહિતી આપતા જણાવ્યું હતું. કેન્દ્રિય જીએસટી કચેરીના અધિકારીઓએ આ કેસ કરેલા છે. ભારતીય ન્યાય સંહિતા હેઠળ તેને માટે જવાબદાર વ્યક્તિઓ સામે ત્રણ એફઆઈઆર ફાઈલ કરવામાં આવેલી છે. આ એફઆઈઆરમાં ત્રણ વ્યક્તિઓના નામનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. ૩૦મી ઓક્ટોબર ૨૦૨૪ સુધીના આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે.

આ ૧૨૮૦૩ કેસોમાં ભારતીય ન્યાયસંહિતાની જોગવાઈ મુજબ કેસ કરીને ૧૦૧ જણની ધરપકડ કરવામાં આવેલી છે. સીજીએસટી એક્ટની કલમ ૬૯ની જોગવી હેટળ ૧૦૧ જણની ધરપકડ કરવામાં આવેલી છે. રાજયસભામાં એક અલગ જ સવાલનો જવાબ આપતા નાણાં ખાતાના રાજ્ય કક્ષાના મંત્રી પંકજ ચૌધરીએછેલ્લા પાંચ વર્ષ દરમિયાન જીએસટીની થયેલી આવકના આંકડાઓની વિગતો આપવાની સૌથી સાથે જીએસટીની થયેલી આવકની વિગતો પણ આપી હતી.

૨૦૨૩-૨૪ના વર્ષમાં દેશમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની કુલ આવક રૂ. ૨૦.૧૮ લાખ કરોડની થઈ હતી. તેની સામે રૂ. ૨.૦૮ લાખ કરોડનું રિફંડ આપવામાં આવ્યું હતું. ૨૦૨૨-૨૩ના વર્ષમાં જીએસટીની કુલ આવક રૂ. ૧૮.૦૮ લાખ કરોડની હતી. આ વરસે રૂ.૨.૨૦ લાખ કરોડનું રિફંડ ચૂકવવામાં આવ્યું હતું. ૨૦૨૧-૨૨ના વર્ષમાં જીએસટીની કુલ આવક રૂ. ૧૪.૮૩ લાખ કરોડની થઈ હતી. ૨૦૨૦-૨૧ના વર્ષમાં જીએસટીની આવક રૂ. ૧૧.૩૭ લાખ કરોડની થઈ હતી. તેમાંથી ૧.૮૩ લાખ કરોડના રિફંડ ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. ૨૦૨૦-૨૧ના વર્ષમાં રૂ. ૧.૨૫ લાખ કરોડનું રિફંડ આપવામાં આવ્યું હતં. ચાલુ નાણાંકીય વર્ષમાં એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૪ના સમયગાળામાં જીએસટીનીકુલ આવક રૂ.૧૨.૭૪ લાખ કરોડન થઈ ગઈ છે. તેમાંથી કુલ રૂ. ૧૨.૭૪ લાખ કરોડનું કલેક્શન થયું હતું.

# તું ઘરે આવી ગઈ

રોજ હસતી કૂદતી શાળાએથી ઘરે આવતી મુન્ની, આજે શાંત હતી. મમ્મી નોકરી પર જાય તેથી કોઈ વાર તેને ઘરે આવતા મોડું થઈ જાય. રીના હંમેશા પ્રયત્ન કરે ઘરે વહેલા આવવાનો.

આજે તેના નિકળવાના સમયે બેંકમાં એક બહેન પૈસા જમા કરવા આવ્યા હતા. પૈસા ગણ્યા વગર તો લેવાય નહી. આજે પૈસા ગણવાનું મશીન બગડી ગયું હતું. પસા ગણતા વાર લાગી. રીના એ ગણ્યા, બહેને કહ્યું કે તેમાં ૧૦૦ રુપિયા વધારે છે. રીનાએ બીજી વાર ગણ્યા.



બહેન માન્યા નહી. તેથી મેનેજરને બોલાવવામાં આવ્યો. મેનેજરે રીનાને બાજુમાં ઊભા રહેવાનું કહ્યું. બહેન સાથે વાત કરી શું મુશ્કેલી છે તે જાણ્યું. મેનેજરે પૈસા ગણ્યા. રીનાએ જે કહ્યું તે સાચું હતું. હવે બહેનનું કાંઈ ચાલ્યું નહી. મેનેજરે કહ્યું એટલે માનવું પડ્યું.

વાત એમ હતી કે ૧૦૦ રુપ્યાની નોટ તેમની પર્સમાં રહી ગઈ હતી. જેને કારને પૈસ્સ ગણવામાં તફાવત આવ્યો. ખેર, વાત તો ત્યાં પૂરી થઈ. રીના ઘરે આવી મોડું થયું હતું એટલે નારાજ હતી. ત્યાં મુન્નીનું મોઢું જોઈને થયું, શાળામાં કાંઈ થયું લાગે છે.

મમ્મીને જોઈ મુન્ની તેને વળગી પડી. ' શું થયું મારી દીકરીને' ? મમ્મીને જોઈ મુન્ની હિબકાં ભરવા લાગી. 'મમ્મી, મારી બાજુવાળો રાહુલ મારી નોટમાંથી જોઈ દાખલો ગણતો હતો. શિક્ષિકા બહેને મને વર્ગની બહાર કાઢી. મેં કહ્યું કે હું નથી જોતી પણ રાહુલ જુએ છે,'

બહેને મારી વાત ન સાંભળી. રાહુલનિ હિંમત ન ચાલી સાચું બોલવાની, જેથી વર્ગ પૂરો થયા પછી મારી માફી માગવા લાગ્યો.

મમ્મી આવું કેમ થયું હશે ?

બેટા કોઈવાર એવું થઈ જાય. તું અન રાહુલ બંને ગણિતમાં હોંશિયાર છો. ગણિતના શિક્ષિકા બહેનને ખબર છે. એમાં દુખ નહી લગાડવાનું હવે 'તું ઘરે આવી ગઈ'. ચિંતા ન કર. આવતીકાલનું ઘરકામ કરી લે. કાલે નિરાંતે ગણિતના શિક્ષિકા બહેનને શાંતિથી વાત કરજે તેઓ સમજશે.

આજે બેંકના અનુભવે રીનાને પાઠ ભણાવ્યો, અમુક સંજોગોમાં જે થઈ ગયું તે થઈ ગયું. તેને માટે બાકીનો દિવસ બગાડાય નહી. બીજાનો વાંક હોય ત્યારે મૌન ધારણ કરવું. વાદ વિવાવ કરવાથી પરિણમમાં કોઈ ફરક પડતો નથી.

# કબરાઉ ધામના બાપુની દીકરી ઘરે પરત ફરી, આખરે ૧૦ દિવસે બાપુએ મૌન તોડી આપી ચેતવણી

ગુજરાતના કચ્છ જિલ્લાના ભચાઉ પાસે કબરાઉ આવેલું છે. આ કબરાઉ ધામ લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે. જોકે, હાલ આ કબરાઉ ધામ છેલ્લાં ઘણાં દિવસોથી ચર્ચામાં છે. હકીકતમાં, ૨૫ ડિસેમ્બરે કબરાઉ ધામના મણિધર બાપુની પુખ્ત વયની દીકરીનું અપહરણ થયા હોવાની માહિતી સામે આવી હતી. બાદમાં જાણ થઈ કે, બાપુની દીકરીએ ભૂજના એક ધર્મેન્દ્ર ડાબી નામના યુવક સાથે કાયદેસર રીતે લગ્ન કરી લીધાં છે અને તેના ફોટા તેમજ સર્ટિફિકેટ પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા હતાં. એવામાં ભચાઉ પોલીસ સ્ટેશનમાં ગુમ નોંધ લખાવામાં આવી હતી. જેના આધારે પોલીસે બંનેને શોધી કાઢ્યા અને બાપુની દીકરીને કબરાઉ ધામ પરત મોકલી દીધી છે. સમગ્ર મુદ્દે



**બાપુને કોઈ ફરક પડવાનો નથી. મારે મોગલથી મતલબ છે અને જે કરશે એ મોગલ જ કરશે.**

આટલા સમયથી મૌન કબરાઉ ધામના બાપુએ હવે પોતાનું મૌન તોડી પોતાનું નિવેદન આપ્યું છે.

સમગ્ર મામલે કબરાઉ ધામના બાપુએ કહ્યું કે, ‘બાપુને કોઈ ફરક પડવાનો નથી. મારે મોગલથી મતલબ છે અને જે કરશે એ મોગલ જ કરશે. જે પણ લોકો આમા સામેલ હશે, આંગળી ચિંધનારો, રસ્તો બતાવનારો તેમજ સાચું-ખોટું બોલનારાનું કાંઈ નહી વધે. બાપુ પાસે અહીં અઢારેય વર્ણની દીકરીઓ આવે છે અને સેવા કરે છે. અમે તો સંત છીએ અને અમારો સ્વભાવ તો ક્ષમા કરવાનો છે. હું દુઃખનો ભિખારી છું. તમારા તમામ દુઃખ મને આપો. આટલાં બધાં દુઃખ બાદ લીધા બાદ આ દુઃખ મને શું નડવાનું? પણ એટલુંધ્યાન રાખજોકે, જેણે પણ આ કર્યું હશે તેને મારી માતાજી જોઈ લેશે.

# મૌની બાબાની જેમ મોં પર સેલો ટેપ લગાવી બોલતા બાબાની જેમ ચાલતી પકડી !!

“ ગિરધરભાઇ શું કરો છો?” રાજુ રદીએ મારા ઘરે આવી,સોફામાં બેઠક જમાવી પૂછયું.

“ રાજુ . મચ્છર મારું છું . માખી મારું છું.” હું કંટાળેલો હતો . બખડજંતર ચેનલના સર્વેસર્વા એવા બોસે મને ફાયર કરેલો. પગાર વધે નહીં ને ઠપકા વધે. પછી માણસ મુડલેસ થાય કે ચિયરફૂલ થાય.

“ ગિરધરભાઇ. માખી, મચ્છર, જખ મારવાની પ્રવૃતિ સદંતર બંધ કરો, નહીંતર અંટાઇ જશો. સદોષ મચ્છર કે માખીની હત્યા માટે કલમ ૩૦૨ હેઠળ મુકદ્દમો ચાલશે. રેરેસ્ટ રેર અપરાધ બદલ જેલમાં ચક્કી પીસવી પડશે!!” રાજુએ મને ડરાવ્યો.

“ રાજુ તું શું બકે છે?? માખી-મચ્છર મારવા માટે સજા? અંધેરી નગરીને ગંડુ રાજા જેવો ન્યાય??” મેં સવાલ કર્યો.

“ ગિરધરભાઇ. તમને ખબર નથી કે શું? ઉત્તરપ્રદેશના બંદાયુમાં એક ઘટના સામે આવી છે . યુવક પર આરોપ હતો કે તેણે ઉંદરને પથ્થર મારીને અધમૂવો કર્યા બાદ પાણીમાં ડૂબાડીને મારી નાખ્યો હતો. ઉંદર પશુની શ્રેણીમાં આવે છે એવા મુખ્ય પશુ ચિકિત્સકના મત પછી આરોપી યુવક સામે પશુ ક્રૂરતા નિવારણ કાયદા અંતર્ગત કેસ દાખલ થયો હતો.

જ્યાં એક વ્યક્તિ ઉંદરને નિર્દયતાથી મારવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ગટરમાં ઉંદરને ડુબાડીને તેને મારવાનો પ્રયત્ન કરતો હતો. ત્યારે આ ઘટના જોઇ રહેલા એક વ્યક્તિએ ગટરમાં કૂદીને તે ઉંદરને બચાવવાનો પ્રયત્ન કરે છે. ઉંદર બહાર તો આવી જાય છે પણ મૃત હાલતમાં. ત્યારે તે વ્યક્તિ ઉંદરને ન્યાય અપાવવા માટે કાયદાનો સહારો લે છે. ઉંદર મારનાર વ્યક્તિ વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવે છે, જ્યાં આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. “. રાજુએ યુનિક સમાચાર સંભળાવ્યા.

“ પછી શું થયું?”મેં પૂછયું

“મરેલા ઉંદરને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો.તેની એફએસએલ તપાસ કરવામાં આવી!! ફોરેન્સિક તપાસમાં ખુલ્યું હતું કે ઉંદરનું મોત પાણીમાં ડૂબી જવાથી નહીં, પરંતુ ફેફસા અને લીવર ખરાબ થઈ જવાથી થયું હતું. એટલું જ નહીં, ઉંદરને બીજી પણ ઘણી બીમારી હતી. ફોરેન્સિક રિપોર્ટ બાદ આરોપી યુવાનને જામીન પર છોડી મૂકવામાં આવ્યો હતો. ઉંદરની હત્યાનો આ કેસ આખા યુપી સહિત ભારતભરમાં ચર્ચાસ્પદ બન્યો” રાજુએ કહ્યું.

“ રાજુ. આ તો ગંભીર અને એલાર્મિંગ ઘટના કહેવાય. બંધારણે ઉંદરને જીવવાનો મૌલિક મૂળભૂત અધિકાર આપ્યો છે. તેના મૂળભૂત અધિકારના અમૂષક ( અમાનવીય જેવો શબ્દ!)હનન માટે બંધારણીય ઉપચાર મળે કે કેમ તે અંગે મોંધાભાવના બંધારણવિદો ( મોંઘા ભાવ શબ્દ બંધારણ માટે પ્રયોજેલ નથી. બંધારણ અંગે દલીલો કરતી બંધારણવીર માટે શબ્દ પ્રયોજયો છે.એ ઉપરછલ્લી અને છીછરી ચર્ચા કરવાનો સમય આવી ગયો છે!! મૂષકાધિકાર આયોગ કયાં છે?? કુંભકર્ણ માફક શું નિંદ્રાધીન છે?? આ મુદા અંગે સુપ્રિમ કોર્ટની લાર્જર બંધારણીય બેન્ચે પાણી વલોવવાની જરૂર છે? હીરોઇનને એકાદ પાંદડું પહેરાવી હોટ ફોટા સેશન મારફત પશુઓ પરત્વેની ક્રૂરતા સામે વિરોધ કરવાના બદલે હોટનેસ ઉભી કરતી પેટા , મેનકા ગાંધી શું કરે છે?? પેલો યુવક રાષ્ટ્ર દ્રોહી છે. ગણપતિના વાહનની હત્યા કરીને સનાતન ધર્મનો દ્રોહ કર્યો છે. હિન્દુ રીતિ, સંસ્કૃતિ , ધાર્મિક આસ્થા પર કુઠુરાઘાત કર્યો છે!! આવા નાસ્તિક-કાફરને પાકિસ્તાન ધકેલી દઇએ એ જ સાચી સજા કહેવાશે!!” મેં પુણ્ય પ્રકોપ ઠાલવ્યો!!

“ ગિરધરભાઇ સોંદર્ય પ્રસાધન બનાવવા, સંશોધન માટે કલિનકલ ટ્રાયલ માટેફરના કોટ-જેકેટ બનાવવા , પટા બનાવવા માટે ઉંદર, સસલા, વાનર, મગર વગેરેની કત્લ કરવામાં આવે છે તેના પર મુંગી બહેરી, લૂલી , લંગડી, લાચાર સરકાર કેમ કાર્યવાહી કરતી નથી??”રાજુ રદીએ વેધક સવાલ કર્યો.મૌની બાબાની જેમ મેં પર સેલો ટેપ લગાવી મેં બોલતા બાબાની જેમ ચાલતી પકડી !!

ભરત વૈષ્ણવ

# અમદાવાદના રિક્ષાચાલકો માટે મોટા સમાચાર, પહેલી જાન્યુઆરીથી મીટર ફરજિયાત, નહીં તો થશે કાર્યવાહી

અમદાવાદના રિક્ષાચાલકોને લઈને મહત્ત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. જેમાં અમદાવાદ ટ્રાફિક પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડી તમામ રિક્ષાચાલકો માટે મીટર ફરજિયાત કર્યા છે. પહેલી જાન્યુઆરીથી આ નિયમ લાગુ કરવામાં આવશે. પહેલી તારીખ બાદ જે પણ રિક્ષાચાલકની રિક્ષામાં મીટર લાગેલા નહી હોય તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

નોંધનીય છે કે, ટ્રાફિક પોલીસને સામાન્ય લોકો દ્વારા



રિક્ષાચાલકોને લઈને ઘણી ફરિયાદો મળતી હતી. જેને ધ્યાને લઈ નાગરિકોની સુવિધા માટે આ નિયમ લાવવામાં આવ્યો છે. જોકે, આ નિયમના અમલીકરણ પહેલાં રિક્ષાચાલકોને મીટર લગાવવા માટે પહેલી તારીખ સુધીનો સમય પણ આપવામાં આવ્યો છે. પહેલી તારીખથી રિક્ષાચાલકોની રિક્ષામાં મીટર ફરજિયાતપણે લગાવેલું હોવું જોઈએ, તેમજ મુસાફરોને ફક્ત મીટર ભાડું નક્કી કરીને જ મુસાફરી કરાવવાની ફરજ પાડવામાં આવી છે. આ સિવાય પહેલી તારીખ બાદ જે પણ રિક્ષાચાલક મીટર વિના રિક્ષા લઈને ધંધો કરવા નીકળશે તો તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તેમજ, જો રિક્ષાચાલકો દ્વારા મુસાફરો પાસેથી મીટર ભાડાં સિવાય મનમાની રીતે ભાડું વસૂલવામાં આવશે

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO: 169**
વિષય : માફી
શીર્ષક : માફીનાં બીજ
પ્રકાર : પદ્ય - શબ્દો :૮૫

માત્ર ને માત્ર તલભાર બીજ વાવી દો,
એક મુઠ્ઠી પણ નહિ, તલભાર વાવી દો.

સમયને ઓળખીને, સવેળાએ વાવી દો,
માફીનાં બીજ કેરી વાવણી હેતે કરી લો.

સમય સમયનું કામ કરી જતો રહેશે સદા,
ઋણાનુબંધ તણા સૌ સંબંધો સાચવી લો.

ઝાકળ સમી જિંદગી હરખે સજાવી દો,
માફી માંગી 'કાં 'માફ કરી હરખાવી લો.

સંબંધોની ફળદ્રુપ જમીન આનંદે ખેડી લો,
લાગણીઓનાં છોડ ઝૂમી ઉઠે એવું કરી દો.
લતા ચૌહાણ 'સોનાવેલ' ગોધરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153** વિષય:" "માફી"
શીર્ષક:" માફી ને પાત્ર" પ્રકાર:ગધ્ય. શબ્દો:૩૦૬
કો'ક ની એક વાર ભૂલ થાય તો પહેલી ભૂલ છે તેમ સમજી ને માફ કરો,બે કે ત્રણ વાર ભૂલ કરે તો બાળક સમજી ને માફ કરો.પણ જો ચોથી વાર એ ની એ ભૂલ કરે તો સમજવું કે તે આપણ ને છેતરે છે,વેતરે છે,તે કદી માફી ને પાત્ર હોય જ નહીં. ભૂલ થી કોઈ વ્યકિત થી ખોટું કાર્ય થઈ ગયું હોય તો તેને માફ કરી શકાય,પણ જાણીબુજી ને આચરવાં માં આવેલ કોઈ ખોટું કાર્ય કે પ્રવૃતિ જેનાં થી કોઈ વ્યકિત કે તેનાં કુટુંબ ની જિંદગી બગડે તે કદાપિ માફી ને પાત્ર નથી.જો તમે આવાં ખોટાં કાર્ય ને દેખ્યું ન દેખ્યું કરો અથવાં તો તેને છાવરો અથવાં તો મારે શું?તેમ કરી તે વ્યકિત ને સમાજ માં ખુલ્લો ન પાડો તો તમે પણ સમાજ માં વધારે દુર્જનો પેદા કરવાં નાં પાપ માં ભાગીદાર બનો છો.
બધી વખતે આપણે સાચાં નથી હોતાં.ઘણીવાર આપણી સમજ પ્રમાણે કામ કર્યું હોય તે કદાચ સમાજ ની દ્રષ્ટીએ ખોટું હોય અને સમાજ તમારું ધ્યાન દોરે તો માન પૂર્વક માફી માંગી લેવી જોઈએ.આપણ ને વડીલો એજ શીખવાડે છે કે સાચાં હોવ તો ખડક ની જેમ અડગ રહો ને ખોટાં હોવ તો વેલ ની જેમ નમી જાઓ અને ફરીથી આવું ના બને તેનું ધ્યાન રાખો.
ગીતામાં પણ ભગવાન કૃષ્ણ એ પણ કહ્યું છે કે ઈરાદાપૂર્વક આચરવા માં આવેલું કોઈપણ ખોટું કાર્ય કોઈપણ હિસાબે માફીપાત્ર નથી.તેને સજા થવી જ જોઈએ.જે તમે મહાભારત માં જોઈ શકો છો.
જીંઈઈરૂ શબ્દ આપણ ને અંગ્રેજોએ શીખવાડ્યો.પળે પળે ખોટું કરવું અને વાત વાત માં સોરી બોલવું.તેઓ ખોટાં કાર્ય ને પેન્સીલ માને છે અને સોરી ને રબર માને છે.જીભ ને પોલીસ કરી મધ જેવાં અંગ્રેજી માં શબ્દો વાપરી ને છેતરવાં.આપણો સનાતન ધર્મ સત્ય અને સાચા માણસો ને દેવો તરીકે નવાજતાં અને ખોટા માણસો કે જે માફી ને પાત્ર નથી તેઓ ને દાનવો તરીકે ઓળખતાં.

જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 181**
વિષય : માફી
શીર્ષક : "જીવનભરની માફી "
પ્રકાર : પદ્ય - શબ્દો : ૭૭

કોઈ ભૂલતું નથી તો, કોઈ ભૂલવા દેતું પણ નથી,
ભૂલ ભરી જીદંગી, કોઈ સુધારવા દેતું પણ નથી...

યાદ રાખવાનાં હતાં, જીવનમાં અવસર ઘણાં,
ઘણી નાની અમથી ભૂલ,કોઈ યાદ રાખતું નથી

ભૂલ કરી એ પોતે જ ભલે ભૂલી ગયા હતાં,
નજીવી ભૂલની કિંમત અમારાથી ચુકવાતી નથી...

સંબંધોના તાણાવાણાનો ગૂંચવાડો ઘણોજ ઘટ્ટ થયો,
"કૌસુમી"? હવે કોઈ આ ગાંઠને ઉકેલતાં ય નથી...

"માફી" તો હવે પ્રશ્ન બની ગયો છે મિલકત જેવો,
એ આપતા નથી,તો હવે હું ય માંગતી નથી...

સુરમી બધેકા, કૌસુમી ??-મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 366**
વિષય: માફી
શીર્ષક:ભૂલીને બધું સંબંધો સાચવી લઉં છું.
પ્રકાર: પદ્ય. શબ્દ સંખ્યા: ૧૦૦

નાં હોય ભૂલ તોય માફી માંગી લઉં છું,
હું આમ જ મારા સંબંધોને સાચવી લઉં છું.

નાની મોટી ભૂલોને ભુલાવી દઉં છું
જાણી જોઈને જાણે અંધ બની જાઉં છું
અનદેખું કરીને સઘળું હું સહજ બની જાઉં છું
ને...હું આમ જ મારા સંબંધો ને સાચવી લઉં છું.

તું મારીને હું તારી ભૂલોને માફ કરતી જાઉં છું
ખરાં ખોટાંનાં હિસાબમાં જાણી જોઈને માત ખાઉં છું
અટપટાં જીવનનાં ગણિતમાં શૂન્ય થઈ ઓળખાઉ છું.
ને...હું આમ જ મારા સંબંધો ને સાચવી લઉં છું.

યોગી ઉમા' શબ્દ સ્યાહી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.209**
વિષય- માફી શિર્ષક- ઉદાર બનો
પ્રકાર-પદ્ય અછાંદસ.શબ્દો- ૯૦

ભૂલ બધાથી થતી અંહીયા,રાખવું મન ઉદાર
સંતો,મહાત્માં,જીવીને,રીત સમજાવતાં ગયા.
તક આપો માણસને,માણસ બનાવાની,આપો માફી,નહીં તો ફરી પાછો પકડશે,ખોટો રસ્તો
સમાજમાં વધશે ગુન્હેગારો,માફી સાચો રસ્તો
માફીની પણ હોય હદ,ન આપો વારંવાર માફી
એકબે વાર ઠીક છે માફી,નહીં તો સજાને પાત્ર
જીવન ભૂલ થકી જ ઘડાય,સમજ વાત આ નાની,પાપીને બનાવે મહાત્માં,એવો સદગુણ છે માફી,'સ્વધા' ને સમજાય આ વાત,બનાવવો જો સમાજ સુઘડ,માફી એ જ ઉપાય.

લેખિકા - સુધા જે.પુરોહિત.'સ્વધા'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 0089**
વિષય. માફી. શિર્ષક કઠિન
પ્રકાર ગદ્ય. શબ્દો ૧૭૦

" માફી" માંગવી કઠિન છે . આપવી અત્યંત કઠિન છે. જેનું જિગર વજર જેવું સખત અને ફુલ જેવું કોમળ હોય તે માફી માંગી શકે અને આપી પણ શકે. કાચાપોચાનું કામ નથી.

ભૂલ તો ભગવાનથી પણ થાય. જેને કારણે આખી જિંદગીનો સંબંધ તોડાય ? એ ક્યાં નો ન્યાય છે ? ખબર છે , સહુને જીભમાં હાડકું નથી ! છતાં પણ તે સીવવાનું કામ કરી શકે છે. જ્યારે વેતરવા બેસે છે ત્યારે સુનામી લાવે છે.

જેને કારણે " માફી " શબ્દ અસ્તિત્વમાં આવ્યો. તે પનોતી જેવો છે. બંને પક્ષને મુંજવે છે. અહંકાર તેમાં આડખીલી છે. ભૂલી જાય છે માનવી , અહંકાર તો રાજા રાવણનો પણ ટક્યો ન હતો.

જીવનમાં ધણી ભૂલો કરી. માફી માંગી પણ ખરી અને આપી પણ ખરી. એક સત્ય લાધ્યું , આ ચાદર જેને બનાવતા નવ માસ લાગ્યા, કેટલી પવિત્ર હતી! મેલી કરવામાં પાછું વળી ન જોયું

જાગ્યા ત્યાંથી સવાર, દિલ દિમાગ, માફી માંગીને , આપીને સાફ કર્યા. જે કાર્ય કઠિન લાગતું હતું , તેના આચરણથી દિલ પરની ૧૦ મણની શીલા હટી ગઈ.

હળવી ફૂલ જેવી થઈ ગઈ. શાંતિનું સામ્રાજ્ય છવાઈ ગયું.

પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S NO:168**
વિષય: માફી
શીર્ષક: મિચ્છામી દુક્કડમ
પ્રકાર: પદ્ય શબ્દ:૧૦૧

જિંદગી મળી છે સ્વસ્થ જીવન જીવવા કાજે,
નથી મળી જિંદગી સંઘર્ષ ? કરી વેળફવા કાજે.

જે કર્મના સિદ્ધાંતમાં માની જીવન જીવે,
તે કદી બદલો ન લે વેરી સાથે કુકર્મ કરી.

તું જન્મ્યો છે આ ધરતી ઉપર શાંત સ્વરૂપે,
દુશ્મનીને તું દોસ્તી માં બદલવા કાજે.

માફી આપવા જેવું કોઈ પુણ્ય કર્મ નથી,
માફી આપવા જેવું કોઈ શ્રેષ્ઠધર્મ નથી.
બદલો ન લઈ પોતાને બદલતાં સીખીએ,
ભૂલી સઘળું નમીને મિચ્છામી દુક્કડમ કરીએ.

લઈ લે ઈશ્વરનાં આશીર્વાદ તું હે માનવી,
રાગ દ્વેષ બદલા ની ભાવનાથી મુક્ત હોઈએ

શું કરીશું બદલો લઈ પોતાનાં બાંધવ સાથે, નથી કોઈ આ લડાઈ દુશ્મનો સાથે સરહદપર ની..

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (ઉદયપુર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 378**
વિષય: માફી શીર્ષક: "વ્યાપ"
પ્રકાર: પદ્ય શબ્દ સંખ્યા: ૭૧

ગગન પરથી ચાંદો, ઉતારી તો જોજે,
સુરજને હવે આજ, ઠારી તો જોજે.

તમે પ્રીતમાં અમને, ઘાયલ કર્યા છે,
તું તારા નયનથી, વિસારી તો જોજે.

ભલે અમને ★માફી★ ન આપી શકે પણ,
અમારી સજાને ગુજારી તો જોજે.

બધાથી અનોખી, તમે ચાલ ચાલી,
અમારી દશા પણ વિચારી તો જોજે.
આભાર - નિહારીકા રવિયા

મેં સાગરને મારીયે, ભીતર ભર્યો છે,
ઉછળતા આ મોજાને, તારી તો જોજે.

મને માપવાનું, ગજું ક્યાં તમારું?
તું યે વ્યાપ એવો, વધારી તો જોજે.

રમેશ શર્મા 'વ્યોમ'.અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No*. - *334***
★વિષય- માફી★
★શીર્ષક :- ભૂલો અને માફ કરો★
★પ્રકાર :પદ્ય★. શબ્દસંખ્યા - ૭૬★

હોય જો કોઈની ભૂલ તો માફી આપવી જોઈએ .
કરે કોઈ ક્રોધ તો શાંતિ રાખવી જોઈએ .

બીજાની ભૂલને યાદ ના રાખવી જોઈએ. અન્ય લાગે
દોષિત તો ખુદ પ્રતિ દ્રષ્ટિ રાખવી જોઈએ.

ખુદની ખામીઓને પણ ખ્યાલમાં રાખવી જોઇએ.
નથી કોઈ એવો માનવી જે
ક્યારેય ભૂલ ના કરે.

પણ ભૂલને સુધારવાની વૃત્તિ રાખવી જોઈએ.
ઉદાહરણરૂપ કોઈ પણ કૃતિ રાખવી જોઈએ.

અપૂર્ણ છે હર માનવ ; સંપૂર્ણ છે ફક્ત ઈશ્વર ; એ વાત સ્મરણે રાખવી જોઈએ
સંતોની એ વાતને દિલમાં પેખવી જોઈએ .
મૌલિક સ્વરચિત અપ્રકાશિત★
કૃતિ★ -નિહારિકા અંજારિયા - નેહા★
(
★આદિપુર - આણંદ★)

# "ચંદા દો ધંધા લો" સૂત્રને સાર્થક કરવા ગુજરાતમાં 'વિકાસ'ના નામે પર્યાવરણનો વિનાશ

એક તરફ સમગ્ર ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૦ લાખથી વધુ ઝાડને કાપી નાખવા માટે અધિકૃત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલી છે અને બીજી તરફ સમગ્ર ગુજરાતમાં ગ્રીન કવર ઓછું થતું જાય છે ત્યારે કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના બાડા તેમજ આજુ બાજુના ગામડાઓમાં સ્થાનિક લોકોની લાગણી અને માંગણી છે કે માંડવી તાલુકાના ૧૦ ગામડાઓના પર્યાવરણ અને દરિયાઈ જીવ-સૃષ્ટિ તેમજ ખેતી અને પશુપાલન નેસ્તો-નાબૂદ ના થાય તે હેતુથી જીએચસીએલ કંપનીને જમીન અને અન્ય મંજૂરી આપવામાં આવે નહીં. જીએચસીએલ કંપની સામે સ્થાનિક સ્તરે આજુબાજુના બધા જ ગામડાઓની પ્રજામાં ખુબ વિરોધ છે. કોઈ પણ ગામને આ કંપની સ્વીકાર્ય નથી જેના મુખ્ય કારણો નીચે મુજબ છે.

માંડવીમાં ગામડાઓમાં સમૃદ્ધ અને સારી બાગાયતી અને વરસાદી એમ બેઉ પ્રકારની પ્રાકૃતિક ખેતી અને પશુપાલનના રોજગાર છે તેમજ ૪૦ કિલોમીટર પર મુંદ્રા બંદર છે જેમાં લોકો સારી એવી રોજગારી અને સ્થાનિક નાના મોટા વ્યવસાય મેળવે જ છે. આ કંપની આવવાથી સ્થાનિક લોકો માટે કોઇ નવી રોજગારી ઉભી નહીં થાય પરંતુ જે અત્યારે રોજગારી છે તે પણ છીનવાઈ જશે.

કંપનીની લોક સુનાવણી બાબતે એટલો મોટો વિરોધ અને લોકજુવાળ ઉપડયો હતો કે એક વખત લોક સુનવણી રદ કરવામાં આવી. ત્યારબાદ બીજી વખત કંપનીના પર્યાવરણ રિપોર્ટમાં અનેક અધુરપો હોવા છતાં જોહુકમી અને પોલીસ બળ દ્વારા બીજી વખત લોક સુનાવણી કરવામાં આવી જેમાં ૫૦૦૦થી વધુ લોકોએ પોત પોતાની રીતે વિરોધ નોંધાવેલ હતો. વૈકલ્પિક દ્રષ્ટીએ જોતાં પણ માંડવી તાલુકો પર્યટન તરીકે વિકસે એવી કુદરતી સુંદરતા છે. તાજેતરમાં માંડવીમાં દરિયા કિનારાના ૨ બીચનો વિકાસ કરવા પહેલ થયેલી છે જેમાં એક માંડવી શહેર નજીકનો દરિયાકિનારો છે અને બીજો આસાર માતા (નાના લાયજા) નજીકનો બીચ (દરિયાકિનારો) છે. આસાર માતા બીચ આ કંપની પ્રસ્તાવિત જગ્યાની પાદ્ધ ત્રિજ્યામાં આવે છે તેથી જો કંપનીનું કારખાનું બનાવવામાં આવે તો પર્યટન માટે આ બીચ કોઈજ કામનો રહેશે નહિ.

આ વિસ્તારમાં પહેલેથી કોઇ રસાયણ આધારિત ઉદ્યોગ નથી કે સોડાએસ બનાવવા માટેનો જરૂરી કાચો માલ આ તાલુકામાં મળી નથી આવતો. તેમ છતાં જીએચસીએલ કંપની સોડાએસ બનાવવા માટેનો પ્રોજેક્ટ નાખવા હિલચાલ કરી રહી છે. સોડાએસ બનાવવાની પ્રક્રિયામાં માટે લાઈમ સ્ટોન, મીઠું અને કોલસો જરૂરી છે જે આ તાલુકામાં ઉપલબ્ધ નથી.
કાચો માલ (લાઈમ સ્ટોન, મીઠું, અને કોલસો) પરિવહન દ્વારા આ કારખાના માટે અહીં લઈ આવવામાં આવે તો તે પણ વચ્ચે આવતા બધા વિસ્તારો માટે પ્રદૂષણકારી અને જોખમી છે.

જીએચસીએલનો હાલમાં કાર્યરત સુત્રાપાડા વિસ્તારનો પ્લાન્ટ દરિયાઈ પર્યાવરણ અને ત્યાની ખેતીને ખુબજ નુકશાન કરી તદન વિનાશ ના આરે લાવી દીધો છે, માંડવીના ગ્રામજનોએ નજરે જોઈ અને વિડીયોગ્રાફી કરી હતી જેમાં કંપનીની ફેકટરીના આજુબાજુના કિલોમીટરના વિસ્તારમાં ગાંડો બાવળ પણ ઉગતો બંધ થઈ ગયો છે અને ગટરોમાં ગેસ નીકળી રહ્યો છે તથા આજુબાજુના ગ્રામજનો કેન્સર જેવી બીમારીના ભોગ બન્યા છે વળી સુત્રાપાડામાં જીએચસીએલ કંપની ગુજરાત સરકારના જીપીસીબી બોર્ડની આપેલી નોટિસોની પણ સરેઆમ અવહેલના કરી રહી છે.

માંડવી તાલુકામાં જ્યાં જી એચ સી એલ કંપનીને જમીન ફાળવવામાં આવી છે તે બાડા ગામની આસપાસની બધીજ જમીનો ખેતી માટે લાયક અને ઉપજાઉ છે તેમજ હવે તો નર્મદાના પાણી પણ ચાલુ થઈ ગયા છે. જીએચસીએલ કંપનીએ સરકારશ્રીને ગેરમાર્ગે દોરીને કલમ ૮૦ગ હેઠળ પ્રસ્તાવિત પ્લાન્ટની જગ્યા બિનઉપજાઉ બતાવેલી છે.

બાડા ગામમાં પ્રસ્તાવિત સોડાએસ કારખાના સામે ઉપર દર્શાવેલા સામાજીક, આર્થિક વાંધોઓ ઉપરાંત સ્થાનિકોનો મુખ્ય વિરોધ પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ (આબોહવા પરિવર્તન) અને ગ્લોબલ વૉર્મિંગના મુદ્દા પર છે.

પર્યાવરણની દ્રષ્ટીએ કચ્છ અત્યંત નાજુક પર્યાવરણ ધરાવે છે અને અનેક પશુ પક્ષીઓની જાતિ પ્રજાતીઓનું ઘર છે. કચ્છમાં ઉદ્યોગો માટે કંડલા અને મુંદ્રા પોર્ટ પાસે પુરતી જમીન ઉપલબ્ધ છે અને જ્યાં ઘણા ઉદ્યોગ હાલમાં કાર્યરત્ત છે. આવા ઔદ્યોગીક માળખા વાળા વિસ્તારોને અવગણી અને બાડા નજીક કારખાનું નાંખવું એ પર્યાવરણ માટે અત્યંત ઘાતક અને દુર્ભાગ્ય પૂર્ણ ઘટના બનશે.




કચ્છમાં માંડવી થી અબડાસા સુધીનો દરિયાઈ વિસ્તાર જ પ્રદૂષણ મુક્ત રહ્યો છે. આ દરિયા કિનારા પર દરિયાઈ કાચબાની ૩ પ્રજાતીઓ (૧) ઓલિવ રીડલી, (૨) ગ્રીન સી અને (૩) લેધર બેક, તેના ઈંડા દેવા માટે ઉપયોગ કરે છે. સંવનન ઋતુમાં માંડવીથી પિંગળેશ્વર સુધીના દરિયાકિનારા પર અનેક માદાઓ ઈંડા મુકે છે તેમાં પણ બાડાનો દરિયો વધુ સાનુકુળ છે. કાચબાની આ પ્રજાતીઓ ભારત સરકારના પ્રાણી સંરક્ષણના શિડ્યુલ ૧ ના પ્રાણીઓ છે અને એનડેન્જર્ડ સ્પેશિસ એટલે કે વિનાશના આરે હોય એવી પ્રજાતીઓ છે.

આ વરસે ૨૦૨૨/૨૩ માં બાડા, લાઈટ હાઉસ, સૂથરી, વગેરે એમ કુલ ૬ જગાએ માદા કાચબાએ માળા બનાવી ઈંડા મુકેલ હતા જેનો વન વિભાગે રેકોર્ડ પર લઈ અને સુરક્ષિત ઉછેર કરેલા છે. આ વાતની પુષ્ટી સ્થાનિક વન વિભાગ અધિકારીઓએ કરેલ છે.

બાડાથી પિંગળેશ્વર સુધીનો વિસ્તાર માધવપૂર કાચબા ઉછેર કેન્દ્ર જેવો કેન્દ્ર બની શકે તેવો વિસ્તાર છે. સ્થાનિકોની માંગણી છેકે આ દરિયા કાંઠાને ઈકો સેંસેટિવ જોન જાહેર કરવો જોઇએ.

આખા ગુજરાતમાં મરીન સાયન્સના અભ્યાસ માટે ફક્ત કચ્છમાં માંડવી ખાતે સરકારી વિજ્ઞાન કોલેજ આવેલી છે જેમાં આખા ભારતના અલગ અલગ રાજ્યોમાંથી વિદ્યાર્થીઓ દરિયાઈ જીવોના અભ્યાસ માટે અહીં ભણવા આવે છે.

વિદ્યાર્થીઓ કુદરતી પ્રદૂષણ મુક્ત દરિયાઇ જીવ સૃષ્ટિનો અભ્યાસ કરી શકે તેના માટે આ કોલેજ માંડવીમાં બનાવવામાં આવી છે. જીએચસીએલ કંપની માંડવીના દરિયા કિનારાને પ્રદૂષિત કરશે તો તેની અસર આ કોલેજના આ હજારો વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર પડે તેમ છે.

બાડા ગામની આસપાસ આ કંપની વિસ્તારમાં ૫૦૦ થી વધુ રાષ્ટ્રીય પક્ષી મોરની વસાહતો છે અને સરકારના ફોરેસ્ટ વિભાગ દ્વારા રક્ષિત જાહેર કરેલા શિડયુલ ૧ ના સરિસૃપો, પક્ષીઓ, વગેરેની વસાહતો પ્રસ્તાવિત પ્લાન્ટની જગ્યા જે જૂના મોટા તળાવ તરીકે ઓળખાય છે ત્યાં છે. આ બધી હકીકતો જીએચસીએલ કંપનીએ પોતાના ઈ આઈ એ રિપોર્ટ (ઈંછ ÏÏÏ) માં છુપાવેલી છે.

કંપનીએ જે સંસ્થા મારફત ઈ આઈ એ રીપોર્ટ બનાવેલા છે તે નીરી (દ્વઈઈઈ) સંસ્થાને દરિયાઈ કાંઠા વિસ્તારમાં આવા રિપોર્ટ બનાવવાની માન્યાતા (એક્રેડિસન સર્ટિ) નથી. તેમ છતાં આવા માન્યાતા વગરના ખોટા રીપોર્ટ તૈયાર કરીને પબ્લિક હિયરિંગ (લોક સુનવણી) કરાવેલ છે. આ બાબતને લઈને ભારત સરકારના મંત્રાલય દ્વારા નિરી સંસ્થા ને ૬ મહિના માટે સસ્પેન્ડ કરેવામાં આવેલ હતી.

ભારતમાં છેલ્લી ગણતરી મુજબ ફકત ૪ ઘોરાડ પક્ષીઓ જ બચ્યા છે જે આ વિસ્તારમાં છે. સુપ્રીમ કોર્ટના વીજ લાઈનો અડંરગ્રાઉંડ કરવાના હુકમ મુજબ ઘોરાડ (બસ્ટર્ડ) પક્ષીના સંરક્ષણ આભાર - નિહારીકા રવિયા માટે બાડા, બાંભડાઇ ગામના ઘાસિયા મેદાનો તેના હેબિટેટ એરિયામાં આવે છે અને આ વિસ્તારના ખેડૂતોને પક્ષીની સુરક્ષા માટે વીજળીના કનેકશનની લાઈનો આપવામાં આવતી નથી. ઘોરાડ પક્ષીના હેબીટેટનો પણ સર્વે કરેલો છે અને વખતો વખત આ પક્ષી આ વિસ્તારોમાં આવે છે. બાડા ગામ ઘોરાડ સેન્ચ્યુરીની નજીક આવેલું ગામ છે. બસ્ટર્ડ (ઘોરાડ) સેન્ચુરીની આટલી નજીકમાં એક અત્યંત મોટા કારખાનાને મંજૂરી આપવામાં આવે તો તેની ઘણી જ ગંભીર અસર ઘોરાડના સંરક્ષણ પર થશે.

વિશ્વસ્તર પર સૌથી ગંભીર સમસ્યા ગ્લોબલ વોમઁગ અને ક્લાઈમેન્ટ ચેન્જની છે. વૈજ્ઞાનીકોનું માનવું છેકે ગ્લોબલ વૉર્મિંગના કારણે બિપરજોય જેવા ચક્રવાતની સંખ્યા વધી જશે. અને માંડવી જેવા કાંઠાળ વિસ્તારમાં હિજરત કરવાનો વારો આવશે. આ અસરો ઓછી કરવા ગ્રીન હાઉસ ગૅસ ઉત્પન્ન કરનાર એકમો પર રોક લાગવી જરૂરી છે. જીએચસીએલ પણ ગ્રીન હાઉસ ગૅસ પ્રોડ્યુસર કરનારા કંપનીઓ માંથી એક કંપની છે.

આખા માંડવીમાં ખેતી સરસ છે અને હવે નર્મદાના નીર મળવાને કારણે ઘણી વિકાસ પામેલ છે. ખેતીને કારણે અનેક વનસ્પતિ અને વૃક્ષો વાવવામાં આવે છે જે વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ જેવા ગ્રીન હાઉસ ગેસ ઓછા કરે છે અને ઑક્સીજનની માત્રા વધારે છે. કંપની આવવાથી ખેતી પડી ભાંગશે અને વૃક્ષોનું નિકંદન નિકળી જશે અને ગ્રીન હાઉસ ગૅસની માત્રા ધાર્યા કરતા પણ વધારે વધશે.

કાંઠા પટ્ટીના ગામડાઓ ઉપર રહેલા સેલ્ટર બેલ્ટના જંગલો અમને આવી કુદરતી આફતોથી રક્ષણ આપે છે, જેને જીએચસીએલ કંપની તેની પ્રસ્તાવીત યોજના મુજબ ટનલ નાખીને ખલેલ પોહોચાડવાની છે.

હાલમાં ગુજરાત સરકાર ચેરના વાવેતર માટે મોટાપાયે મૂડી રોકાણ કરેલો છે અને દેશમાં બંગાળ પછી બીજા નંબરે ચેરીયાના વિસ્તાર આપણા રાજ્યામાં આવેલા છે. બાડા ગામની નજીક નાડ તરીકે ઓળખાતો વિસ્તાર ચેરીયાના વાવેતર માટે અત્યંત અનુકૂળ, મોટો અને ખૂલો વિસ્તાર છે. અહીં અને આસપાસના બીજા ગામોના દરિયાઈ વિસ્તારમાં ચેરનો વાવેતર કરવામાં આવે તો બંગાળથી વધુ સારા ચેરીયાના જંગલ બનાવી શકાય જે રોજગારીની સાથે સાથે પર્યાવરણ સુધારશે અને કાંઠાળ વિસ્તારનું બિપરજોય જેવા વાવાઝોડાથી રક્ષણ પણ કરશે.

જીએચસીએલ એ બનાવેલા પર્યાવરણીય ઈ આઈ એ રીપોટ સરકારશ્રીને તદ્દન ગેરમાર્ગે દોરે તેવા છે અને કોઈ પણ વિસ્તારનો અભ્યાસ કર્યા વગર બનાવેલા છે. સ્થાનિક, કોસ્ટલ ઝોન, ફોરેસ્ટ વગેરે કોઈજ ખાતાઓની કોઈ જ પરવાનગી કે સ્થાનિક લોકોના કોઈજ મંતવ્યો લીધેલા નથી.

બાડા તથા આજુબાજુના વિસ્તારોમાં ૧૦,૦૦૦ થી વધુ ગૌધન છે અને તેના ગોચર માટે કંપનીને ફાળવાયેલ જમીન નો ઉપયોગ કરવામાં આવે છે બાડા તથા આજુબાજુના પર્યાવરણ અને ખેતીથી સમૃદ્ધ હોવાથી વાર્ષિક ૨૦૦ કરોડથી વધારે ટર્ન ઓવર ધરાવે છે. આમ ગ્રામજનોને પર્યાવરણના ભોગે કોઈપણ પ્રકારની રોજગારીની જરૂર નથી અને આ કંપનીના આવવાથી ગોચર તથા પર્યાવરણ નાશ પામવાથી ખેતીવાડી અને પશુપાલનને પણ નુકસાન થવાની સંભાવના રહેલી છે. કચ્છમાં વર્ષોથી મહાજનએ કચ્છ સંસ્કૃતિનો એક ભાગ છે અને કચ્છ મહાજનએ પણ ઉપરોક્ત પ્રોજેક્ટનો વિરોધ કરેલ છે.

બાડા ગામે ભારતીય સંસ્કૃતિ અને ભારતની વિરાસતનું જતન કરતી ગોએન્કાજી દ્વારા સ્થાપિત વિશ્વપ્રસિદ્ધ વિપશ્યના સંસ્થા આવેલી છે. જ્યાં સમગ્ર દેશ અને વિશ્વમાંથી લોકો મનની શાંતિ માટે આવે છે અને સમગ્ર વિશ્વમાં ભારતની આધ્યાત્મિક છાપને વધુ મજબૂત કરી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ પર્યાવરણ બાબતે પુસ્તક પણ લખેલ છે અને તેઓ દ્વારા કહેવામાં આવ્યું હતું કે "વિપશ્યના એ પ્રાચીન ભારતની અનોખી ભેટ છે અને આધુનિક વિજ્ઞાન પણ છે જેનો ઉપયોગ યુવાન અને વૃદ્ધ લોકોને તેમના જીવનમાં તણાવ અને તકલીફનો સામનો કરવામાં મદદ કરી શકે છે"

ગુજરાત સરકાર દ્વારા જી.એચ. સી.એલ ને જમીન ફાળવીને "શેઠની શિખામણ ઝાપા સુધી" કહેવત સાર્થક કરીને મોદીજીને પણ અવગણ્યા હોય એમ લાગી રહ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પર્યાવરણ બચાવવાની આ મુહીમમાં સ્થાનિકોની સાથે છે અને સરકારને અનુરોધ કરે છે કે, કચ્છમાં ગૌધન,પશુપાલન,ખેતી, પર્યાવરણ અને વિપસ્યના સેન્ટરને નાબૂદ થતું અટકાવવા માટે જી.એચ.સી.એલ કંપનીને ફાળવવામાં આવેલી જમીન તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે.
હેમાંગ મહિપતરામ રાવલ

## થરાદ એ.પી.એમ.સી નો આર્થિક સહયોગ સાંપડ્યો હતો

# ABVP થરાદ શાખા દ્વારા મિશન સાહસી અને મોટીવેશન સેમિનાર યોજાયો



અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ હરહંમેશ વિદ્યાર્થી અને રાષ્ટ્રના હિતમાં કાર્યો કરી વ્યક્તિ નિર્માણ થકી રાષ્ટ્રના નિર્માણમાં અથાક પ્રયત્નો કરતું છાત્ર સંગઠન છે ત્યારે વિકટ પરિસ્થિતિમાં બહેનો કેવી રીતે સ્વ નિર્ભર બની સુરક્ષિત રહી શકે તે માટે ગતરોજ ૧ ડિસેમ્બરને રવિવારના રોજ એપીએમસી થરાદ ખાતે સવારમાં કરાટે તાલીમના ટ્રેનર દ્વારા બહેનોને? મિશન સાહસીના ભાગરૂપે કરાટાનુ શારીરિક પ્રશિક્ષણ આપ્યા બાદ એપીએમસીના એસી હોલમાં વરિષ્ઠ વક્તા અને અધિકારીઓ દ્વારા બહેનોને મોટીવેશન અને કારકિર્દી સેમિનાર યોજાતા માર્ગદર્શન અપાયું હતું.

બહેનોને? કરાટેનુ પ્રશિક્ષણ આપ્યા બાદ એ.પી.એમ.સી ના એ.સી હોલ ખાતે દીપ પ્રાગટય અને મંચસ્થ મહાનુભાવોનું સન્માન કરાયા બાદ થરાદ પી.એસ.આઈ આર.એમ.ચાવડા, થરાદ આર.એફ.ઓ સેજલબેન ચૌધરી, થરાદ મામલતદાર કે.એચ.વાઘેલા, સામાજિક કાર્યકર ડૉ. હિતેન્દ્રભાઈ શ્રીમાળી, સેવાભાવી શિક્ષક દિનેશભાઈ પુરોહિત દુધવાવાળા, એ.પી.ત્રિવેદી કોલેજના પ્રિન્સિપાલ ભમરસિંહ સોઢા, જાણીતા એન્કર અને સી.આર.સી કો.ઓર્ડીનેટર સંજયભાઈ ત્રિવેદી, આરએસએસના લક્ષ્મણભાઈ પટેલ સહિતના વક્તાઓ દ્વારા કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા ડૉ.અવનીબેન આલ દ્વારા બહેનોને મોટીવેશનને લગતું તેમજ બહેનો કઈ રીતે લીડરસીપ કરી શકે તેને લઈ માર્ગદર્શન આપી વિદ્યાર્થીની બહેનોને પગભર થવા હાકલ કરી હતી તેમજ એબીવીપીના પ્રાંત ઉપાધ્યક્ષ ડૉ.ક્રાંતિબેન ત્રિવેદીએ એબીવીપીનો પરિચય કરાવી ગૌરવ ગાથા અને સાહસિકતાનો પરિચય કરાવી વિદ્યાર્થી પરિષદના દરેક કાર્યમાં સહભાગી બની કાર્યકરોને પ્રોત્સાહિત કરવા આહવાન કરાયું હતું, જોકે મિશન સાહસી અને મોટીવેશન કારકિર્દી સેમિનારને સફળ બનાવવા રાજેશ્વર કોલેજ થરાદ, એ.પી. ત્રિવેદી કોલેજ ખોરડા, કે.જી.બી.વી. ગર્લ્સ હોસ્ટેલ થરાદ, સરકારી મા. અને ઉ.મા. શાળા ભાપડી અને ભુરીયા સહિત મારવાડી વાસ શાળા ભોરોલની વિદ્યાર્થીની બહેનોના સાથ સહકારથી ૩૦૦ જેટલી બહેનોની સંખ્યામાં મિશન સાહસી અંતર્ગત કરાટેનુ પ્રશિક્ષણ અને મોટીવેશન કારકિર્દી સેમિનારને ભવ્ય રીતે સફળતા અપાવવા સહભાગી થયા હતા. તેમજ કાર્યક્રમમાં સહયોગી થયેલ એ.પી.એમ.સી ના સેક્રેટરી ભેમજીભાઈ પટેલ, હેતલબેન પંચાલ, બ્રહ્મસમાજના અગ્રણી ભગવાનભાઈ જોષી, જેતશીભાઈ પટેલ(ઘેસડા સરપંચ), ડૉ. હિતેન્દ્રભાઈ શ્રીમાળી, રમેશભાઈ જોષી ભટાસણા, મહેશભાઈ ચૌધરી ભુરીયા સહિતના ઉપસ્થિત મહેમાનો નું એબીવીપી થરાદ શાખા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન સંજયભાઈ ત્રિવેદી અને એબીવીપી ભાગ સંયોજક રાજેશભાઈ જોષીએ? કર્યું હતું, આ પ્રસંગે એબીવીપીના ડૉ.ક્રાંતિબેન ત્રિવેદી, વિભાગ સંયોજક વિક્રમભાઈ જોષી, જીલ્લા સંયોજક દૈવિકભાઈ પંચાલ, ભાગ સંયોજક રાજેશભાઈ જોષી(નાનોલ), થરાદ નગર અધ્યક્ષ સુખદેવપુરી સ્વામી, નગરમંત્રી વિશાલપુરી ગોસ્વામી, ભવાનસિંહ સોઢા, નગર સહમંત્રી બિજલબેન પઢીયાર, જગદીશભાઈ બ્રાહ્મણ, પિન્ટુભાઈ પ્રજાપતિ, બંકીમભાઈ દવે, નગર કોષાધ્યક્ષ અરવિંદભાઈ પુરોહિત ભુરીયા તેમજ એબીવીપી થરાદ નગર અને કેમ્પસ ટીમના કાર્યકરો, મુખ્ય વરિષ્ઠ વક્તા ડૉ.અવનીબેન આલ સહિત થરાદ મામલતદાર કે.એચ.વાઘેલા, થરાદ આરએફઓ સેજલબેન ચૌધરી, થરાદ પીએસઆઈ આર.એમ.ચાવડા, ૧૮૧ અભયમના કાઉન્સિલર તારાબેન તેમજ કોન્સ્ટેબલ કમળાબેન અને વિદ્યાર્થીની બહેનો મોટી સંખ્યામાં સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જોકે આ કાર્યક્રમમાં એપીએમસી થરાદ દ્વારા સહયોગ પ્રાપ્ત થયો હતો જેને લઈ કાર્યકર્તાઓ એ એપીએમસી ના ચેરમેન શૈલેષભાઈ પટેલ નો આભાર વ્યક્ત કર્યો હતો.

# ડાંગ જિલ્લાના બાળકોમાં કુપોષણ નાબૂદ કરવા અંગે આરોગ્ય કર્મીઓની તાલીમ યોજાઈ



: આહવા:

મહિલા અને બાળ વિકાસ ગાંધીનગર તેમજ આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના સંકલનથી રાજયના તમામ જિલ્લાના આરોગ્ય અને આઈ. સી. ડી. એસ. ના અધિકારીશ્રી કર્મચારીશ્રીઓને યુનીસેફ ની ગાઈડલાઈન અનુસાર સરકાર દ્વારા નિર્ધારિત કરેલ માપદંડ આધારિત અતિ ગંભીર કુપોષિત બાળકોનું સમુદાય આધારિત વ્યવસ્થાપન (ઝસ્છ૨સ) તાલીમનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.જે અનુસંધાને તારીખ ૨ અને ૩ ડિસેમ્બરના રોજ ડાંગ જિલ્લાની આહવા સિવિલ હોસ્પિટલ ખાતે જિલ્લાના આયુષ મેડિકલ ઓફિસરશ્રીઓ, મેડિકલ ઓફિસરશ્રીઓ અને ઈમ્જીદ્ધ મેડિકલ ઓફિસરશ્રીઓ તેમજ આઇ.સી.ડી.એસ શાખાના જિલ્લા સ્ટાફની પહેલી બેચની તાલીમ પૂર્ણ કરવામાં આવી હતી.

આ તાલીમમાં ડાંગના અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હિમાંશુ ગામિત અને પોગ્રામ ઓફિસર શ્રી જ્યોત્સનાબેન પટેલ દ્વારા આરોગ્ય અને પોષણને લગતા સૂચક આંક પર વિશેષ મહત્વ અને ફિલ્ડ વર્કમાં કરવાની થતી કામગીરી અંગે ખાસ ભાર મૂકવા અંગે સૂચન કર્યું હતું.

# ૬૦૦૦ કરોડનાં મહાકૌભાંડી ભુપેન્દ્રસિંહ ઝાલાએ ભાજપાને આપ્યું ફંડઃ “ભાજપાની ચંદા દો... ધંધા લો...” ની નિતિ વધુ એકવાર ખુલી પડી.

ગુજરાતના હજારો નાગરિકોના ૬૦૦૦ કરોડથી વધુનું કરોડો રૂપિયાનું ફૂલેકું ફેરવનાર બીઝેડ ગ્રુપના ભુપેન્દ્રસિંહ ઝાલા અને ભાજપની સાંઠગાંઠ ખુલ્લી પાડતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે રાજયભરમાં પોન્ઝી સ્કીમના નામે લોકો સાથે કરોડો રૂપિયાની લુંટ ચાલી રહી છે. રાજયમાં ભાજપનો ખેસ પહેર્યા બાદ ભ્રષ્ટાચાર અને લૂંટ નું લાયસન્સ મળી જાય એમ નાના પરિવારોને થોડી લાલચમાં પૈસાનું રોકાણ કરાવી કરોડો રૂપિયાનું કૌભાંડ કરી ભુપેન્દ્રસિંહ ફરાર થઇ ગયો છે. ૬૦૦૦ કરોડનો કૌભાંડી ભુપેન્દ્રસિંહ ઝાલાનું ભાજપ સાથેની ‘ચંદા લો ધંધા લો’ સ્કીમ સામે આવી છે. ભુપેન્દ્રસિંહ ઝાલા એ ભાજપનું પ્રાથમિક સભ્ય પદ મેળવ્યું હતું. ભાજપના નેતાઓ સાથે પણ ભુપેન્દ્રસિંહ ઝાલાના ફોટાઓ છે. એજયુકેશન કેમ્પસના ઉદબોધનમાં ભાજપાના મંત્રી-સંત્રી પણ જોવા મળે છે. એજયુકેશન કેમ્પસમાં પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ, મહામંત્રી રજની પટેલ અને મોટા નેતાઓ વિશેષ ઉદઘાટક હતા. પરંતુ હવે તો ભારતીય જનતા પાર્ટી સાથેના આર્થિક વ્યવહારે સમગ્ર કૌભાંડની પોલ ખોલી નાખી છે. વર્ષ ૨૨-૨૦૨૩માં તારીખ ૨૧.૦૩.૨૦૨૩ના રોજ ભુપેન્દ્રસિંહ ઝાલા દ્વારા હિંમતનગરની એસબીઆઈની બેંક દ્વારા ૧) રૂ. ૯૯,૯૯૯ ૨) રૂ. ૯૯,૯૯૯ ૩) રૂ. ૫૧,૦૦૧ ૪) રૂ. ૧.૦૦ રૂપિયા ભાજપને ફંડ તરીકે આપ્યા હતાં. ભાજપને આપેલા નાણાં ક્યાં અને કેટલા કાંડ માટે આશ્રયસ્થાન બન્યું છે ? એ ગુજરાત જાણવા માંગે છે.

બીઝેડ સોલ્યુશન મામલે હજુ ગૃહમંત્રી એક પણ શબ્દ બોલ્યા નથી. બીજી બાજુ અન્ન પુરવઠા રાજ્ય મંત્રીશ્રી ભિખુસિંહ પરમારને કઇ પણ ન બોલવા આદેશ કરાયો છે તેવું ખુદ મંત્રીશ્રી જણાવી રહ્યા છે. ભુપેન્દ્રસિંહ ઝાલાનાં સાઠગાંઠ ધરાવતા લોકોની કોલ ડીટેલ અને તમામ સામે તપાસ કરવી જોઈએ..ભાજપ સરકાર અન્ન નાગરિક પુરવઠા મંત્રી જેને સ્વપ્રદૃષ્ટા ગણાવે છે.ભાજપા સમર્થિત ધારાસભ્ય જેમને એકના ડબલ અને ચાર ગણા કરવા માટેના સફળ ગણાવે છે. જો ભુપેન્દ્રસિંહ ઝાલા જેવા લોકો જેવા હોશિયાર લોકો હોય તો સરકારે આવા લોકોની સેવા લેવી જોઈએ. ભાજપાના કાર્યકરો, આગેવાનો, ધારાસભ્યો અને મંત્રી પુત્રોની નિકટતા - સાંઠગાંઠના એક પછી એક કચ્ચા ચિઠ્ઠા સામે આવી રહ્યાં છે. ભાજપ સરકાર એકાદ કાંડમાં પણ દાખલારૂપ કાર્યવાહી કરે અને રાજકીય રક્ષણ આપનારા લોકો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

# બાપુનગર હનુમાન મંદિર હોલ ખાતે એચ.આઇ.વી. પ્રભાવીત બહેનો ના લાભાર્થે કાર્યક્રમ યોજાયો



બાપુનગર હનુમાન મંદિર હોલ ખાતે એચ.આઇ.વી. પ્રભાવીત બહેનો ના લાભાર્થે કાર્યકમ યોજાયો.મહાશયશ્રી લાયન્સ ક્લબ વિઝડમ, લાયન્સ ક્લબ વાસણા, પરિવર્તન ફાઉન્ડેશન, હ્યુમનીટી ચેરીટેબલ ટ્રસ્ટ,આનંદ અમૃત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા૧-ડિસેમ્બર “વિશ્વ એઈડ્સ દિવસ” નાં અનુસંધાને તેનાં પૂર્વ દિવસે (૩૦-નવેમ્બર, શનિવારે) ભીડભંજન હનુમાન મંદિર હોલ ખાતે ૐફ પ્રભાવિત ગર્ભવતી બહેનોની ગોદભરાઈ કરવામાં આવી હતી. આ બહેનો ગર્ભાવસ્થા દરમ્યાન લોહીની તપાસમાં પ્રથમ વાર ૐફ પ્રભાવિત જાહેર કરવામાં આવેલ છે, જેનો મુખ્ય હેતુ : આ બહેનોને માનસિક સાંત્વના પાઠવીને આવનાર બાળક ૐફ પ્રભાવિત ના થાય - તે છે, જેનાં માટે કાર્યક્રમમાં સચોટ પરામર્શ અને જરૂરી દવાઓનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

લાયન્સ ઈન્ટરનેશનલ, ડિસ. ૩૨૩૨ બીરનાં ડીસ. ચેયરપર્સન ડૉ. અંબરીષ ત્રિપાઠી એ જણાવ્યું હતું કે, "વર્ષ ૨૦૦૭ થી અમો પ્રતિવર્ષ આ રીતે “ગોદભરાઈ કાર્યક્રમ” કરતા રહ્યા છીએ, જેનાં પરિણામે દરેક બાળક તંદુરસ્ત જન્મ્યા છે, જે બાબત આપણાં સૌનાં માટે ખુબ જ મોટી ઉપલબ્ધિ છે."

આ માનવીય અભિગમ અંતર્ગત યોજેલ કાર્યક્રમમાં પૂર્વ હ્વઅર્જી તરૂણ બારોટ, લાયન્સ ઈન્ટરનેશનલના ડી.સી. મહાદેવન પિલ્લાઈ, નીતા પટેલ, હરભજન કૌર, શિલા સાવંત, ભરત પટેલ, મુકેશ પરમાર, સામાજીક કાર્યકર શેરૂભાઈ ખાદીવાલા, સિંગર - એક્ટર દિલીપકુમાર પરમાર સાથે અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહીને શુભેચ્છા પાઠવી હતી.આ કાર્યક્રમમાં દાતાશ્રીઓનાં અનુદાન દ્વારા બહેનોને અનાજની કીટ, સાડીઓ, ધાબળા, વાસણ અને અન્ય વસ્તુઓ પણ ભેટરૂપે આપી હતી.



આજે રાજયસભામાં મલ્ટીસ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટીઓમાં ૧૦૦ જેટલી સોસાયટીઓ ફડચામાં ગઈ છે અને મોટો ભ્રષ્ટાચાર થયો છે તે પૈકી કેટલી સોસાયટીમાં CBIની ઈન્કવાયરી ચાલી રહી છે ? તેવો સીધો સવાલ પૂછ્યો હતો. આ સવાલનો જવાબ આપવાના બદલે મંત્રીશ્રીએ ગોળ-ગોળ ઈરીલેવન્ટ વાતો જ કરે રાખી હતી, કારણ કે મલ્ટીસ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટીમાં જેની CBI તપાસ ચાલે છે તેઓ ભાજપના નેતાઓ છે. મંત્રીશ્રી તરફથી યોગ્ય જવાબ નહીં મળ્યા બાદ રાજ્યસભામાં વિરોધપક્ષના નેતાશ્રી ખડગે સાહેબે પણ ફરી વખત પ્રશ્નનો વ્યાજબી જવાબ આપવા માટે મુદ્દો ઉઠાવ્યો હતો. પોતાના પક્ષના ભષ્ટાચારી નેતાઓને ભારતીય જનતા પાર્ટી છાવરી રહી છે તેનો સ્પષ્ટ સંદેશ આનાથી મળી રહ્યો છે.

# દિલ્હીના પ્રદૂષણનો ઘડો લાડવો થઇ જશે!!!

રુબિક કયુબિકની ગેમ પલક ઝપકતાં ઉકેલી નાંખી હોય તેવા વિજેતાના અંદાજમાં હવામાં હાથ વીંઝતા વીંઝતા સમ્રાટ સિકંદર સોરી રાજુ રદીએ ધી ગ્રેટ મારા ઘરમાં પ્રવેશ કર્યો.

“ હવે એની ખેર નથી. કારણ મળી ગયું છે. હવે સર્જરી કરીએ એટલે પૂરું” રાજુના સ્વરમાં ઉત્સાહ,ઉમંગ અને જોશ ઝલકતા હતા.

“રાજુ. શેનો તારું અક્ષત બ્રહ્મચર્યનો યુગ પૂરો? કોઈ સોડષી મળી કે હીરક વયની વૃધ્ધા?મેં રાજુને સવાલ કર્યો.

“ગિરધરભાઇ . દુનિયામાં બીજા પણ વિષયો છે. તમને મારી દુખતી નસ દબાવવામાં આનંદ આવે છે તેની મને ખબર છે. હું બર્નિંગ પ્રોબ્લેમની વાત કરૂં છું!!રાજુએ ભયંકર નારાજગી દેખાડી.

“શેનો ? ઓમિક્રોન વાયરસનો?” મેં નિર્દોષ ભાવે પૂછયું

“ના”રાજુએ નન્નો ભણ્યો.

“ ફુગાવો ?

“ ઉહું” રાજુનો ટુકો પ્રતિભાવ.

“ મોંધવારી”

ના,,અરે ના” રાજુ ગરમ તવાની જેમ ઊછળ્યો!!

“ તો પછી?”

“ ગિરધરભાઈ. તમે છાપા વાંચો છો કે નહીં? તમે દેશમાં રહો છો? તમને ખબર છે દિલ્હીમાં તકલીફ છે?”માંકડને મોં આવ્યું હોય તેવું રાજુએ પ્રતીત કરાવ્યું.

“ જો ભાઈ કેટલાકને દિલ્હીથી તકલીફ છે. કેટલાક થકી દિલ્હીને તકલીફ છે.દિલ્હી ખુદ તકલીફ છે!!” મેં કહ્યું

“ ગિરધરભાઈ. એમ વાત ન ઉડાવો. હર ધુંએ કો ફિક્રમેં ઉડા નહીં શકતે. દિલ્હીમાં ધુંઆ તકલીફનું કારણ છે.” રાજુએ ફીલોસોફિકલ લહેજામાં તકલીફ બ્યાંન કરી.

“રાજુ. મૂળ મુદા પર આવ.” મેં પરમાદેશ કર્યો.

“ દિલ્હી દર વરસે ઓકટોબરથી સતત મુશ્કેલીમાં મુકાય છે. હવાની કવોલીટી પાતાળમાં જાય છે. દિલ્હીનાસીઓ શ્વાસ લે છે કે ઉચ્છ્વાસ લે છે તેની તેમને ખબર હોતી નથી. અંક નવો શબ્દ ઉમેરાયો છે. ધુમ્મસ માટે અંગ્રેજીમાં ફોગ-ર્હ્મ્ન- વપરાય છે. હવે ફોગ અને સ્મોક શબ્દની સંધિ કરી સ્મોગ શબ્દ બનાવાયો છે.ઈસ શહેર મેં હર શખ્સ પરેશાન સા કયું હૈ! જેવી હાલત દિલ્હીવાસીની છે. એર કવોલીટી ઈન્ડેકસ ૪૦૦ ને પાર કરી જાય છે.” રાજુએ દિલ્હીની સમસ્યા ઉજાગર કરી.

“ રાજુ આ સમસ્યાને નાથવા વાહનો માટે ઓડ-ઈવન વ્યવસ્થા કરી , ખતરોમાં પરાળી બાળવા પર મનાઇ ફરમાવી, બાંધકામ પ્રવૃતિ અટકાવી,સેન્ટ્રલ પોલ્યુશન બોર્ડ, ડીપીસીબી, પર્યાવરણ મંત્રાલય, નેશનલ એર કવોલીટી પંચ, ગ્રીન ટ્રિબ્યુનલ, રાજ્ય સરકારો, કેન્દ્ર સરકારે પ્રયત્નો કર્યા. પણ ઠેરનું ઠેર છે!! મોટી અદાલત ખખડાવે છે કે પંચ સમસ્યાનું મૂળ શોધી શકતું નથી.તમે બેઠકો કરવા સિવાય કંઇ કરતા નથી વગેરે.આ કેસમાં જાતજાતના સોંગદનામા થયા” મેં કહ્યું.

“ગિરધરભાઈ. જે કામ વૈજ્ઞાનિકો પર્યાવરણ ઈજનેરો, પંચ કરી ન શકયું તે કામ બાબાજીએ કરી બતાવ્યું. આ સમસ્યા પાછળ ઉદ્યોગ, ખેતી, વાહનો, બાંધકામ પ્રવૃત્તિન હાથ નથી પણ પાકિસ્તાનનો ગંદો હાથ છે. કેવું અમૂલ્ય સંશોધન!જે કામ ન કરી શકે ભોગી તે કામ કરી શકે જોગી. બાબાએ દિવ્ય , પુનિત ,અલૌકિક, આધ્યાત્મિક આર્ષ દ્રષ્ટિથી રોગનું રામબાણ નિદાન કરી નાંખ્યું છે. બાકીના બધા તો ફીફાં ખાંડતા હતા! હવે તેના ઈલાજ કરવાનો છે!!” મેં કહ્યું.

“ગિરઘરભાઈ. બાબાએ કેવી રીતે નિદાન કર્યું હશે? થર્મોમીટર, એકસ-રે, સીટી સ્કેન,ઈસીજી,ઈએમઆરઆઈનો સહારો લીધો હશે?” રાજુએ ભોળાભાવે પૂછયું!!

“ ના, ભાઈ ના. આપણે ત્યાં ગમે તે ઘટના -સારી કે નરસી ઘટે એટલે પપજેમ કે કપાસના પાકમાં રોગ આવે તેમાં પાકનો હાથ, બે કલાક લાઈટ જાય તો પાકનો હાથ, ભમરા ફૂલ પર બેસે તો પાકનો હાથ,બે પ્રેમીપંખીડા ભાગી જાય તો પાકનો હાથ, ગર્લફ્રેન્ડ રીસાઇ જાય તો પાકનો હાથ, ગાય દોવા ન દે તો પાકનો હાથ, બાળક થાય તો પણ પાકનો હાથ છે તેવું કહેવાની પરંપરા આગુસે ચલી આઇ હૈ!!” મેં રાજુને કહ્યું.

“ તો તો દિલ્હીના પ્રદૂષણનો મામલો નિપજાવે વાસિમ બાબા, ગફૂરબાપુ , રધલાભાઇ ભૂવા કે ૧૧૦% ગેરંટીથી કામ કરી આપતા જ્યોતિષી કે તાંત્રિકને પાક પર મુઠ મારવા, જાદુટોણા , ટોચકા કે તાવીજ મંતરાવીએ એટલે પ્રદૂષણનો ઘડો લાડવો થઈ જશે એટલે દિલ્હીની હવા હિમાલય પર્વતની હવા જેટલી શુધ્ધ, વિશુદ્ધ અણિશુદ્ધ ,પરિશુદ્ધ અશુદ્ધ થઈ જશે.”રાજુએ આશાવાદ વ્યક્ત કર્યો.

મેં કહ્યું કે ભાલો( લડવાનો ભાલો નહીં યાર. ભાલો એટલે બંગાળી ભાષામાં સારું!), ચંગા, તથાસ્તુ! આમિન. સુમામિન!!

ભરત વૈષ્ણવ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.